# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

Vibrant GUJARAT 2015 11-13 Jan. The Global Business Hub | 7th Global Summit

ડૉ. પી. પી. પટેલ
વિસ્તરણ શિક્ષણ નિયામક

ફોન : ૦૨૬૯૨-૨૬૨૩૧૬, ફેક્સ : ૦૨૬૯૨-૨૬૨૩૧૭
E-mail : dee@aau.in


જા.નં.આકૃયુ/વિશિનિ/ઝર્ક-૧૯/કાર્યનોંધ/ ૫૭૨૮ ૫૯૯૯ /૨૦૧૪ તા.૦૫/૧૧/૨૦૧૪ ૨૬/૧૨/૨૦૧૪

પ્રતિ,
વિભાગીય સંશોધન-વ-વિસ્તરણ સમિતિ (ઝર્ક) ના સભ્યો તરફ

વિષયઃ વિભાગીય સંશોધન-વ-વિસ્તરણ સલાહકાર સમિતિની (ઝર્ક) ૧૯મી રવિઋતુની બેઠકની કાર્યનોંધ

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અંતર્ગત સમાવિષ્ટ ૯ (નવ) જીલ્લા (આણંદ, વડોદરા, અમદાવાદ, નડીયાદ (ખેડા), દાહોદ, ગોધરા(પંચમહાલ, મહીસાગર, છોટાઉદેપુર અને બોટાદ)ના કૃષિ, બાગાયત,પશુપાલન અને મત્સ્યપાલન એકમોના અધિકારીઓ તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓની હાજરીમાં તા.૨૯.૯.૨૦૧૪ સોમવારના રોજ યોજાયેલ "૧૯મીં રવિ" ઋતુપૂર્વની વિભાગીય સંશોધન-વ-વિસ્તરણ સલાહકાર સમિતિની (ઝર્ક) બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. આ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર જે તે અધિકારીશ્રીઓએ / વિભાગોએ લેવાના થતા પગલાં અંગે યોગ્ય કાર્યવાહી સમયસર કરવા વિનંતી છે. સર્વેની જાણ માટે કાર્યનોંધ યુનિવર્સિટીની વેબસાઈટ (www.aau.in) ઉપર મૂકવામાં આવેલ છે.

૨૯/૧૧/૧૪
વિસ્તરણ શિક્ષણ નિયામક

સામેલઃ કાર્યનોંધ ૧ થી ૧૧ પેજ

નકલ સવિનય રવાનાઃ

| | |
|---|---|
| ૧ | કુલપતિશ્રીના રહસ્ય સચિવ,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૨ | સંશોધન નિયામકશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૩ | કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૪ | ખેતી નિયામકશ્રી,ગુજરાત રાજ્ય,કૃષિ ભવન સેક્ટર-૧૦'ચ'રોડ,ગાંધીનગર |
| ૫ | બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,કૃષિ ભવન સેક્ટર-૧૦'ચ'રોડ,ગાંધીનગર |
| ૬ | પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,કૃષિ ભવન સેક્ટર-૧૦'ચ'રોડ,ગાંધીનગર |
| ૭ | નિયામકશ્રી,ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, માણેક બાગ,શ્યામલ રો-હાઉસ ,સેટેલાઈટ,અમદાવાદ |
| ૮ | નિયામકશ્રી, સમેતી અને સ્ટેટ નોડેલ ઓફીસર આત્મા, કૃષિ ભવન સેક્ટર-૧૦'ચ'રોડ,ગાંધીનગર |
| ૯ | મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ.,બીજ ભવન, સેક્ટર-૧૦-એ,ગાંધીનગર |
| ૧૦ | કમિશ્નરશ્રી,ફીસરીઝ,ગુજરાત રાજ્ય, જુના સચિવાલય,જીવરાજ ભવન,ગાંધીનગર |
| ૧૧ | સંયુક્ત ખેતી નિયામકશ્રી, કેપીટલ નર્સરી,ખેડૂત તાલીમ કેન્દ્રની બાજુમાં,વિસત પેટ્રોલ પંપ સામે, સાબરમતી,અમદાવાદ |
| ૧૨ | સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), શાસ્ત્રી બ્રીજ પાસે,મોડેલ ફાર્મ,વડોદરા |
| ૧૩ | સંયુક્ત બાગાયત નિયામકશ્રી,કોઠી કચેરી,રાવપુરા,વડોદરા |
| ૧૪ | વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, કૃષિ ભવન, પાલડી, અમદાવાદ |
| ૧૫ | વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, મોડેલ ફાર્મની બાજુમાં, જ્યોતી સર્કલ પાસે, વડોદરા |
| ૧૬ | સંયુક્ત પશુપાલન નિયામક-વ-મેનેજીંગ ડીરેક્ટર, ગુજરાત રાજ્ય પશુપાલન નિગમ, કૃષિભવન, ગાંધીનગર |
| ૧૭ | આચાર્યશ્રી, કૃષિ ઇજનેરી કોલેજ, ગોધરા |
| ૧૮ | આચાર્યશ્રી, બાગાયત વીંગ, આ.કૃ.યુ., આણંદ |
| ૧૯ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી,આણંદ |
| ૨૦ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, વડોદરા |
| ૨૧ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, નડીયાદ(ખેડા) |
| ૨૨ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, અમદાવાદ |

| | |
|---|---|
| ૨૩ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, દાહોદ |
| ૨૪ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, પંચમહાલ (ગોધરા) |
| ૨૫ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, મહિસાગર |
| ૨૬ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, છોટાઉદેપુર |
| ૨૭ | જિલ્લા ખેતીવાડી અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, બોટાદ |
| ૨૮ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી,આણંદ |
| ૨૯ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, વડોદરા |
| ૩૦ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, નડીયાદ(ખેડા) |
| ૩૧ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, અમદાવાદ |
| ૩૨ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, દાહોદ |
| ૩૩ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, પંચમહાલ (ગોધરા) |
| ૩૪ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, મહિસાગર |
| ૩૫ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, છોટાઉદેપુર |
| ૩૬ | નાયબ પશુપાલન અધિકારી,જિલ્લા પંચાયત કચેરી, બોટાદ |
| ૩૭ | નાયબ બાગાયત નિયામકશ્રી,જિલ્લા સેવા સદન,ત્રીજે માળ,બોરસદ ચોકડી પાસે,આણંદ |
| ૩૮ | નાયબ બાગાયત નિયામકશ્રી,સરદાર પટેલ ભવન,બ્લોક-ડી,રૂમ નં.-૪,નડીયાદ |
| ૩૯ | નાયબ બાગાયત નિયામકશ્રી,કૃષિભવન,બીજે માળ,પાલડી,અમદાવાદ-૩૮૦ ૦૮૭ |
| ૪૦ | નાયબ બાગાયત નિયામકશ્રી,રાવપુરા પોલીસ ચોકી પાછળ,કોઠી કચેરી કમ્પાઉન્ડ,રાવપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧ |
| ૪૧ | નાયબ બાગાયત નિયામકશ્રી, બહુમાળી મકાન,બીજો માળ,કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા-૩૮૯ ૦૦૧ |
| ૪૨ | નાયબ બાગાયત નિયામકશ્રી,રાઘવ હોસ્ટેલની બાજુમાં,ગોદી રોડ,દાહોદ-૩૮૯ ૧૫૧ |
| ૪૩ | નાયબ બાગાયત નિયામકશ્રી, જીલ્લા સેવા સદન, છોટા ઉદેપુર |
| ૪૪ | નાયબ બાગાયત નિયામકશ્રી, જીલ્લા સેવા સદન, મહિસાગર |
| ૪૫ | નાયબ બાગાયત નિયામકશ્રી, જીલ્લા સેવા સદન, બોટાદ |
| ૪૬ | સીનીયર સાયન્ટીસ્ટ,સીફા,એટીક ભવન,બોરસદ ચોકડી,આણંદ |
| ૪૭ | મદદનીશ મત્સ્યઉદ્યોગ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,કુબેર ભવન,૯મો માળ,વડોદરા |
| ૪૮ | મદદનીશ મત્સ્યઉદ્યોગ નિયામકશ્રી, જિલ્લા સેવા સદન,ગોધરા |
| ૪૯ | નાયબ મત્સ્યઉદ્યોગ નિયામકશ્રી,ખાદી ગ્રામોઉદ્યોગની ઉપર બીજો માળ,રાવપુર,વડોદરા |
| ૫૦ | નાયબ મત્સ્યઉદ્યોગ નિયામકશ્રી,ગુજરાત રાજ્ય,ન્યુ મેન્ટલ હોસ્પીટલ બીલ્ડીંગ,અસારવા, અમદાવાદ |
| ૫૧ | નાયબ મત્સ્યઉદ્યોગ નિયામકશ્રી,પુષ્પકુંજ રોડ,કાંકરીયા,અમદાવાદ |
| ૫૨ | નાયબ મત્સ્યઉદ્યોગ નિયામકશ્રી,ગુજરાત રાજય,બ્લોક-૧૦,ત્રીજો માળ,ડૉ.જીવરાજ ભવન, ગાંધીનગર |
| ૫૩ | સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ ફીસરીઝ, સરદાર પટેલ ભવન,બ્લોક-ડી,રૂમ નં.૧૧૭,નડીયાદ |
| ૫૪ | સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ ફીસરીઝ, જિલ્લા સેવા સદન,દાહોદ |
| ૫૫ | પ્રાધ્યાપક અને વડા,ડેરી કેમેસ્ટ્રી, ડેરી સાયન્સ કોલેજ,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૫૬ | પ્રાધ્યાપક અને વડા,ડેરી બિઝનેશ મેનેજમેન્ટ, ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ |
| ૫૭ | સંશોધન વૈજ્ઞાનિક,આઇ. ડી. સી. પ્રોજેક્ટ,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૫૮ | સંશોધન વૈજ્ઞાનિક,બીડી તમાકુ સંશોધન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૫૯ | સંશોધન વૈજ્ઞાનિક,વિભાગીય સંશોધન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૬૦ | સંશોધન વૈજ્ઞાનિક,(શાકભાજી) મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૬૧ | તાલીમ સહાયક (પાકસંરક્ષણ), વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, આ.કૃ.યુ., આણંદ |
| ૬૨ | આચાર્યશ્રી,પોલીટેકનીક ઇન એગ્રિકલ્ચર,આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ |
| ૬૩ | આચાર્યશ્રી,ફૂડ એન્ડ ન્યુટ્રીશન,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૬૪ | આચાર્યશ્રી,પોલીટેકનીક ઇન એગ્રિકલ્ચર,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૬૫ | પ્રાધ્યાપક અને વડા, બાયોકેમેસ્ટ્રી વિભાગ, બં.અ.કૃ.મં.,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |

| | |
|---|---|
| ૬૬ | પ્રાધ્યાપક અને વડા, બોટની વિભાગ, બં.અ.કૃ.મં.,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૬૭ | પ્રાધ્યાપક અને વડા, પેથોલોજી વિભાગ, બં.અ.કૃ.મં.,આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ |
| ૬૮ | પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,આ.કૃ.યુ., અરણેજ,તા. ધોળકા, જી. અમદાવાદ |
| ૬૯ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આકૃયુ, નવાગામ |
| ૭૦ | પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ,તા. સોજિત્રા, જી. આણંદ |
| ૭૧ | તાલીમ વ્યવસ્થાપકશ્રી,આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢબારીયા, |
| ૭૨ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ.,તા. ગોધરા, જી. પંચમહાલ |
| ૭૩ | પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી,મુવાલીયા ફાર્મ, દાહોદ |
| ૭૪ | સ્કીમ ઇન્ચાર્જશ્રી,એગ્રોપોલીક્લીનીક,આણંદ કૃષિ યુનિવર્સિટી,મુવાલીયા ફાર્મ, દાહોદ-૩૮૯૧૫૧ |
| ૭૫ | સહ પ્રાધ્યાપકશ્રી,પશુ વિજ્ઞાન કેન્દ્ર(લીમખેડા) ,આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર,આ.કૃ.યુ., દેવગઢબારીયા, |
| ૭૬ | તાલીમ વ્યવસ્થાપકશ્રી,આદિવાસી તાલીમ કેન્દ્ર,મુવાલીયા ફાર્મ, આણંદ કૃષિ યુનિવર્સિટી,દાહોદ |
| ૭૭ | સહ સંશોધન વૈજ્ઞાનિક,આણંદ કૃષિ યુનિવર્સિટી,પો. સણસોલી, તા. મહેમદાવાદ,જી. ખેડા |
| ૭૮ | સંશોધન વૈજ્ઞાનિક(કઠોળ પાકો),આ.કૃ.યુ.,મોડેલ ફાર્મ,એલેમ્બીક રોડ,વડોદરા |
| ૭૯ | આચાર્યશ્રી,કૃષિ કોલેજ, આ.કૃ.યુ.,જબુગામ |
| ૮૦ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,કપાસ સંશોધન કેન્દ્ર,આ.કૃ.યુ., મુ. વિરમગામ,જી. અમદાવાદ |
| ૮૧ | સ્કીમ ઇન્ચાર્જશ્રી,ટ્રાયબલ ફાર્મ વુમન ટ્રેનીંગ સેન્ટર, આ.કૃ.યુ., દેવગઢબારીયા,જી. પંચમહાલ |
| ૮૨ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,નર્મદા પિયત સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., મુ. ખાંધા |
| ૮૩ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,દિવેલા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., મુ. પો. સાણંદ,જી. અમદાવાદ |
| ૮૪ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,કૃષિ સંશોધન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, મુ. પો. ધંધુકા |
| ૮૫ | પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ગ્રામસેવા કેન્દ્ર, મુ. દેથલી,તા. માતર, જી. ખેડા |
| ૮૬ | પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આઇ.સી.એ.આર., વેજલપુર |
| ૮૭ | પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી,કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,મંગલભારતી, મુ. ગોલાગામડી, જી. વડોદરા |
| ૮૮ | આચાર્યશ્રી,કૃષિ મહાવિદ્યાલય/કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ.,વસો કેમ્પસ, વસો |
| ૮૯ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,કૃષિ સંશોધન કેન્દ્ર,આણંદ કૃષિ યુનિવર્સિટી, મુ..ડભોઇ |
| ૯૦ | પ્રગતિશીલ ખેડૂત, આણંદ |
| ૯૧ | પ્રગતિશીલ ખેડૂત, વડોદરા |
| ૯૨ | પ્રગતિશીલ ખેડૂત, અમદાવાદ |
| ૯૩ | પ્રગતિશીલ ખેડૂત, ખેડા(નડીયાદ) |
| ૯૪ | પ્રગતિશીલ ખેડૂત, પંચમહાલ |
| ૯૫ | પ્રગતિશીલ ખેડૂત, દાહોદ |
| ૯૬ | પ્રગતિશીલ ખેડૂત, છોટા ઉદેપુર |
| ૯૭ | પ્રગતિશીલ ખેડૂત, મહિસાગર |
| ૯૮ | પ્રગતિશીલ ખેડૂત, બોટાદ |

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

## વિભાગીય સંશોધન-વ-વિસ્તરણ સલાહકાર સમિતિ(ઝર્ક)ની રવિઋતુ પૂર્વની ૧૯મી બેઠકની કાર્યનોંધ

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા તા. ૨૯.૯.૨૦૧૪ ને સોમવારના રોજ વિભાગીય સંશોધન-વ-વિસ્તરણ સલાહકાર સમિતિ (ઝર્ક)ની રવિ ઋતુપૂર્વની ૧૯મી બેઠક ડાં. એન.સી.પટેલ, કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં ડાં. કે.બી.કથીરીયા, સંશોધન નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ, ડાં. પી.પી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયાકમકશ્રી, આ.કૃ.યુ., આણંદ, શ્રી. ડી.વી.બારોટ, સંયુકત ખેતી નિયામક(વિસ્તરણ), અમદાવાદ, શ્રી એમ.કે. કુરેશી, સંયુકત ખેતી (નિયામક), વડોદરા, શ્રી બી.યુ.પરમાર, સંયુકત બાગાયત નિયામક, વડોદરા, શ્રી જી. સી. વાકાણી, નાયબ મત્સ્યપાલન નિયામકશ્રી, વડોદરા, ડાં.સ્નેહલ એમ. પટેલ, નાયબ પશુપાલન નિયામક, આણંદ વગેરે મહાનુભવોની હાજરીમાં આ.કૃ.યુ.ના ૯૬ અધિકારીઓ (વિવિધ વિધાશાખાના ડીન, આચાર્ય, યુનિટ અધિકારીઓ, વિભાગીય વડાઓ, સંશોધન વૈજ્ઞાનિકો) લાઈન ડીપાર્ટમેન્ટના મધ્ય ગુજરાતના નવ જીલ્લાના કૃષિ, બાગાયત, પશુપાલન અને મત્સ્યપાલનના ૬૦ અધિકારીઓ અને નવ જીલ્લાના દરેક જીલ્લામાંથી એક પ્રગતિશીલ ખેડૂત મળી કુલ ૧૬૫ સભ્યોએ મીટીંગમાં ભાગ લીધેલ.

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડાં. પી.પી. પટેલે, માન. કુલપતિશ્રીનું, મહાનુભાવોનું અને હાજર રહેલા તમામ અધિકારીઓ અને પ્રગતિશીલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું કે આ ખૂબ જ અગત્યની બેઠક છે. જેમાં યુનિવર્સિટી ધ્વારા થયેલ ખેત ભલામણોના અમલીકરણ, ક્ષેત્રીય અનુભવ આધારિત સુધારા વધારાની જરૂરિયાત, ફાર્મ તેમજ એડેપ્ટીવ ટ્રાયલ્સ આધારિત અનુભવો તેમજ ખેડૂતોને ખેતી વિષયક બાબતોમાં અવરોધરૂપ પ્રશ્નો તથા ખેતી વિકાસની બાબતો અંગે ચર્ચા કરવામાં આવે છે. કોઈ ખાસ ઈસ્યુ કે જે ખેડૂતોને મૂઝવતો હોય તે (દા.ત. ભૂંડ અને નીલગાયોથી થતુ નુકસાન) અહી રજૂ કરી તેના ઉકેલ માટે આયોજન, ચર્ચા કરવામાં આવે છે. ઝર્કની મીટીંગ વર્ષમાં બે વાર ખરીફ અને રવિ ઋતુની એમ બે વખત આયોજન કરવામાં આવે છે. જેમાં આપ સર્વેનો સાથ સહકાર હંમેશા મળેલ છે અને મળતો રહેશે જેના ધ્વારા ખેડૂતોપયોગી સંશોધનોને વેગ મળે અને ખેડૂતોનું આર્થિક પાસુ સબળ થાય અને તેના થકી રાજયનો વિકાસ વેગવંતો બને તે માટે આપણે સર્વેએ સહીયારા પ્રયત્નો કરવાના છે તેમ જણાવી પોતાનું વ્યકતવ્ય પૂર્ણ કર્યુ.

સંશોધન નિયામકશ્રી, ડાં. કે.બી. કથીરીયાએ જણાવ્યું કે, સંશોધનની કામગીરીએ છેલ્લા વપરાશકારક (ખેડૂતો) સુધીની લીંક છે. તે માટે જે કંઈ વિસ્તરણ પ્રવૃત્તિઓ છે તેને વધારે પ્રાધાન્ય આપી પ્રેઝન્ટેશન અને ફીડબેકને રજુ કરે. તેને સંશોધનની અંદર અથવા આપણી પાસે ટેકનીક હોય તો તેનો ઉપયોગ કરી ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવી આપણી માહિતી ખેડૂતો સુધી વહેલામાં વહેલી તકે પહોંચે તેવા પ્રયત્નો યુનિવર્સિટીના અને લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે મળી કરવાની ખાસ જરૂર છે.

વધુમાં તેઓએ જણાવ્યુ કે ખેડૂતોની જરૂરીયાતને ધ્યાને લઈ વિવિધ પાકોની વધુ ઉત્પાદન આપતી, સારી ગુણવત્તાવાળી જાતો, બહાર પાડવામાં આવેલ છે જેમાં રીંગણ ડોલી-પના વિકલ્પ રૂપે ગુજરાત આણંદ રીંગણ હા.૩ આપેલ છે. લસણની નવી જાત લસણ ૬, સૂવાની નવી જાત તેમજ મગમાં પણ ગુજરાત મગ-૪ કરતાં સારી જાત બહાર પાડવામાં આવી છે. પોલ્ટ્રીમાં પણ નવી સ્ટ્રેઈન શોધવામાં આવી છે. આમ સંશોધન થયેલ નવીન તાંત્રિકતા ઉપભોગકર્તા / ખેડૂતો સુધી વહેલામાં વહેલી તકે પહોંચે તે જરૂરી છે. અંતમાં તેઓએ જણાવ્યું કે ખેડૂતો નવીન ટેકનોલોજી લઈ જાય અને તેઓને કોઇપણ માહિતીની જરૂર પડેતો યુનિવર્સિટી ધ્વારા તેઓને તમામ માહિતી આપવામાં આવશે તેમ જણાવી તેમનું વ્યકતવ્ય પૂર્ણ કયું.

શ્રી ડી.વી. બારોટ, સંયુકત ખેતી નિયામક(વિસ્તરણ), અમદાવાદે જણાવ્યું કે ઝર્કની આ મારી પ્રથમ મીટીંગ છે. આ મીટીંગ ખૂબ જ મહત્વની છે. હવામાનમાં થતા ફેરફારોને ધ્યાને લઈ સંશોધન ભલામણો અને પાક આયોજન અંગે હવે વિચારવાની જરૂર છે. (૧) ખાતરના વધતા જતા ભાવો અને જમીનમાં વધુ પડતા ખાતરોના વપરાશની અસરોને ધ્યાને લઈ જૈવિક ખાતર ઉપર સરકાર વધારે ભાર મૂકી રહી છે તો દરેક પાકમાં રાસાયણિક ખાતરોની સાથે જૈવિક ખાતરોની ભલામણો અંગે સંશોધન (૨) ભારત સરકાર ધ્વારા માઈકોરાઈઝાની ભલામણ છે તે અંગે આપણે વિચારણા (૩) વિસ્તરણ વિભાગમાં અભ્યાસ કરતા પીજી વિધાર્થીઓને વિભાગમાં ચાલતી યોજનાઓના ઈમ્પેકટ સ્ટડી અંગે સંશોધનની કામગીરી આપવા (૪) યુનિવર્સિટીના વિભાગો/કેવીકે ધ્વારા FLD ગોઠવવામાં આવે છે તેની માહિતી સંયુકત ખેતી નિયામકોને આપવામાં આવે છે તો FLDની મુલાકાત લઈ શકાય. (૫) કૃષિ અંગેના યાંત્રિક સાધનોની ચકાસણી જૂનાગઢ ખાતે થાય છે તે  રીતે આણંદ ખાતે થાય (૬) નીલગાય /ભૂંડના ખેડૂતોના સળગતા પ્રશ્નો બાબતે ગંભીરતાપૂર્વક વિચારણા અંગેના મુદ્દાઓ રજૂ કરી પોતાનું વ્યકતવ્ય પૂર્ણ કર્યું.

સંયુકત બાગાયત નિયામક, શ્રી બી. યુ. પરમારે જણાવ્યુ કે સને ૧૯૯૧ થી રાજયમાં બાગાયત ખાતુ અલગ થયા બાદ દિન પ્રતિદિન બાગાયતી ખેતીનો વ્યાપ વધતો જાય છે. સરકારે પણ બાગયતની વિકાસલક્ષી વિવિધ યોજનાઓ ધ્વારા ખેડૂતોમાં પ્રોત્સાહન આપેલ છે અને ખેડૂતોને તે અંતર્ગત ગ્રીનહાઉસ અને નેટ હાઉસો મોટા પ્રમાણમાં બનાવેલ છે પરંતુ હાલમાં ૫૦ ટકા ગ્રીન હાઉસ / નેટ

હાઉસ મૃતપ્રાય અવસ્થામાં છે જેનુ કારણ તેની તાંત્રિકતાની જાણકારીનો અભાવ છે આ મૃતપ્રાય ગ્રીનહાઉસ /નેટ હાઉસ ફરીથી કાર્યરત થાય તે માટે ખેડૂતોની નિષ્ફળતા અંગેના ફીડબેક મેળવી તેના ઉપયો અંગે સંશોધન / માહિતી ખેડૂતોને સત્વરે મળે તે ખૂબ જ જરૂરી છે. તેમજ અન્ય યોજનાઓની માહિતી આપી તેમનું વ્યકતવ્ય પૂર્ણ કર્યુ.

શ્રી જી.સી.વાકાણી, નાયબ મત્સ્યપાલન નિયામકશ્રીએ ગુજરાતમાં મત્સ્યપાલનની તકો, માળખું, વિવિધ યોજનાઓ અંગેની માહિતી આપી. તેમજ પહેલાં મત્સ્યપાલન અંગેના પ્રશ્નોના ઉકેલ માટે અન્ય રાજયોમાંથી માહિતી મેળવવી પડતી પરંતુ યુનિવર્સિટીએ સીફા સાથે એમઓયુ કરી આણંદ ખાતે સેન્ટ્રલ ઈન્સ્ટીટયુટ ઓફ ફ્રેશ વોટર એકવાકલ્ચરનું એક કેન્દ્ર શરૂ કરતાં હવે સત્વરે અત્રેથી માહિતી મળી રહે છે જે ખૂબ જ આવકારદાયક બાબત છે. હાલમાં વિવિધ કક્ષાની માછલીઓના પોષણ અંગેના ફીક્સ સ્ટાન્ડર્ડ ન હોઇ તેને અનુરૂપ સંશોધન થાય તે જરૂરી જણાવી તેમનું વ્યકતવ્ય પૂર્ણ કર્યું.

ડૉ. સ્નેહલ પટેલ,નાયબ પશુપાલન નિયામક,આણંદે જણાવ્યું કે પશુપાલન માટે વિવિધ યોજનાઓ કાર્યરત છે તેના આરોગ્ય માટે પણ સઘન પગલાં લેવાઇ રહ્યા છે તેમ છતાં હજુ અનેક મુદ્દાઓ પરત્વે ધ્યાન આપવાની જરૂરીયાત છે. તે પૈકી આ વિસ્તારમાં પશુપાલકો ડાંગર અને ઘઉંનું પરાળ સીધેસીધું ખવડાવે છે અને સંગ્રહ કરે છે તેને બદલે મશીનથી ફીડર બ્લોક બનાવી સંગ્રહ કરે તે માટે ગોડાઉન બનાવવાની સબસીડી આપવામાં આવે છે. હાલમાં ક્રોસ બ્રીડનું પોપ્યુલેશન છે તે માટે બેઝીક લેવલના ટેસ્ટ માટેની સગવડો જરૂરી છે. જાનવરોની સારવાર માટેનો ૨૪ કલાકની સેવાઓનો કોન્સેપ્ટ છે તે માટે ડૉકટરોની જરૂર છે તે માટે નિઃશુલ્ક સારવારની યોજના શરૂ થાય છે. ઇતરડીથી રોગોનો ફેલાવો થાય છે તેને અટકાવવા સંશોધનની જરૂરીયાત છે. દાણ-ઘાસચારાની ચકાસણી માટેની લેબોરેટરીઓની જરૂરીયાત છે. આકૃયુની ભાગીદારીથી કૃષિ ગોષ્ઠિનું આયોજન કરવામાં આવે છે તેમાં યુનિવર્સિટી દ્વારા ખૂબ જ સારો સાથ અને સહકાર મળે છે તે માટે આભારી છીએ તેમ જણાવી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું.

ડૉ. એન. સી. પટેલ, માન. કુલપતિશ્રીએ હાજર રહેલા તમામ અધિકારીઓની ઓળખ લઇ પોતાના વકતવ્યની શરૂઆતમાં જણાવ્યું કે યુનિવર્સિટી શિક્ષણ સાથે સંશોધન અને વિસ્તરણની કામગીરી કરે છે. યુનિવર્સિટીના ઘણું કાર્યભારણ છે. લાઇન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ યુનિવર્સિટીમાં આવતા થયા છે. જિલ્લાના સર્વે અધિકારીઓને વિનંતી છે કે તેઓ યુનિવર્સિટીની મુલાકાત લે, ખેડૂતોના પ્રશ્નોની ફીડબેક આપે, માહિતી મેળવે, પોતાનો આત્મવિશ્વાસ વધારે, ટેકનોલોજીનો વધુને વધુ ઉપયોગ કરી, ફોન/મોબાઇલથી તાત્કાલિક માહિતી મેળવી ખેડૂતોને સત્વરે માહિતી પહોંચાડે તે ખૂબ જ જરૂરી છે. ચોમાસુ મોડું શરૂ થતાં વાવણીની તારીખ અને પેકેજ ઓફ પ્રેક્ટાઇસીસ બદલવાની જરૂરીયાત છે. અગાઉની જૂની વેરાઇટીઓનું ટેસ્ટીંગ કરી, જૂની પધ્ધતિઓનો ઉપયોગ કરી ખેડૂતોની જરૂરીયાતોને ધ્યાને લેવાની ખાસ જરૂર છે. જે કંઇ માહિતી છે તેને વેબસાઇટ પર મૂકો જેથી બધા તેનો સત્વરે ઉપયોગ કરી શકે તેમજ દરેક જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોની માહિતી તેમના મોબાઇલ નંબર સાથે વેબસાઇટ પર મૂકો. લીક્વીડ બાયોફર્ટીલાઇઝર્સના પ્રમાણભૂત ધારાધોરણ હોવા જોઇએ. જમીનશાસ્ત્રના વૈજ્ઞાનિકોએ જૈવિક ખાતર એકલું આપવું જરૂરી છે કે અન્ય ખાતરો આપવા તે અંગે વિચારવું જોઇએ. ખેડૂતોના પ્રશ્નોને ધ્યાને લઇ વિભાગીય વડાઓએ પી.જી. વિદ્યાર્થીઓની થીસીસ માટે નવા સંશોધન અંગે વિચારવું જોઇએ. ખેતમજૂરોના પ્રશ્નો દિવસે-દિવસે વધતા જાય છે. તેથી ઓછા માનવબળ વપરાય તે દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું. ગ્રીન હાઉસની સંખ્યા ઘટતી જાય છે, બાગાયત વિભાગે તેના પર ધ્યાન કેન્દ્રિત કરી પ્રશ્નોના નિવારણ માટે પેકેજ ઓફ પ્રેક્ટાઇસીસ આપવી. મત્સ્યપાલનમાં કેઝ કલ્ચરની ટેકનોલોજી વધારે, હેચરી વધારે અને મત્સ્યપાલનની માહિતી માટેના કાર્યક્રમોનું આયોજન કરવાની જરૂરીયાત ઉપર ભાર મૂક્યો. ખાતાના અધિકારીઓએ ખેડૂતોના પ્રશ્નોના આધારે લેખ લખવા જોઇએ જેનાથી ખેડૂતોને સીધો ફાયદો થશે. ગુણવત્તા નિયંત્રણ દરેક બાબતોમાં ખૂબ જ જરૂરી છે તેના ઉપર ખાસ ભાર આપવા જણાવ્યુ તેમજ ઘાસચારાના પાકો ઉપર સંશોધનની ખૂબ જ જરૂરીયાત છે તેમ જણાવ્યુ. SAPમાં સાઇલેજ બનાવવા મુદ્દા મૂકી ફંડ માંગવા જણાવ્યુ, જેથી આવતા વર્ષોમાં ખેડૂતોની સેવા કરી શકાય. ખેડૂતોને કંઇક નવું આપવા વિચારો, ખેડૂતોની આવક વધે તે આપણો મુખ્ય ધ્યેય છે. પોષણ સુરક્ષા અને ઉત્પાદન ઉપર ભાર મૂકવા જણાવ્યુ. સંકલિત જીવાત વ્યવસ્થાપન, સંકલિત પોષણ વ્યવસ્થાપન તેમજ મરઘાપાલન, મત્સ્યપાલન અંગે ખાસ વિચારવા જણાવી પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યુ.

અંતમાં ડૉ. બી. એચ. પટેલ, તાલીમ સહાયક (પાક સંરક્ષણ), વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આકૃયુ, આણંદે સર્વે મહાનુભાવો, કૃષિ યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના આચાર્ય અને ડીનશ્રી, સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ, યુનિટ અધિકારીશ્રીઓ, કૃષિ, પશુપાલન, બાગાયત અને મત્સ્યપાલનના અધિકારીશ્રીઓ, પ્રગતિશીલ ખેડૂતો તેમજ આ કાર્યક્રમમાં સહયોગ આપનાર સર્વેનો આભાર માની આજની હવે પછીની ચાર તાંત્રિક બેઠકોના કાર્યક્રમની રૂપરેખા આપી ઉદ્‌ઘાટન કાર્યક્રમો પૂર્ણ કરેલ હતો. ઝર્કની બેઠકના ઉદ્‌ઘાટન કાર્યક્રમનું સંચાલન ડૉ. મુકેશભાઇ આર. પટેલ, મદદનીશ વિસ્તરણશાસ્ત્રી, સરદાર સ્મૃતિ કેન્દ્ર, આણંદે કરેલ.

## બેઠકમાં કુલ ચાર તાંત્રિક બેઠકોનું આયોજન કરવામાં આવેલ.

તાંત્રિક બેઠક-૧ : ૧૭મી ઝર્કની એક્સન ટેકન રીપોર્ટ અને વર્ષ ૨૦૧૪-૧૫ની હવામાન પરિસ્થિતિ અહેવાલ

તાંત્રિક બેઠક-૨ : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દેવાતજ, અરણેજ, દાહોદ, આદિવાસી તાલીમ કેન્દ્ર દેવગઢબારીયા અને સરદાર સ્મૃતિ કેન્દ્ર આણંદ, પોલીકલીનીક દાહોદ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ, દેઠલી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી, વડોદરા, અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વેજલપુરનો પ્રગતિ અહેવાલ

તાંત્રિક બેઠક-૩ : વડોદરા, પંચમહાલ અને દાહોદ જિલ્લાના કૃષિ, પશુપાલન, બાગાયત અને મત્સ્યોદ્યોગનો અહેવાલ

તાંત્રિક બેઠક-૪ : આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લાના કૃષિ, પશુપાલન, બાગાયત અને મત્સ્યોદ્યોગનો અહેવાલ

### તાંત્રિક બેઠક - ૧

| | | |
|---|---|---|
| ૧ | ચેરમેન | ડૉ. એન.સી.પટેલ, કુલપતિશ્રી, આકૃયુ, આણંદ |
| ૨ | કો.ચેરમેન | ડૉ. વી.આર.બોઘરા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, આકૃયુ, આણંદ |
| ૩ | રીપોર્ટર | ડૉ. એચ.બી.પટેલ સહ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી, આકૃયુ, આણંદ |

(૧) એક્શન ટેકન રીપોર્ટ:

ચેરમેનશ્રીની મંજુરીથી ડૉ. બાબુભાઇ એચ. પટેલ, તાલીમ સહાયક (પા.સં.), વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદે તા. ૨૩/૦૯/૨૦૧૩ના રોજ ઝર્કની રવિ ઋતુ પૂર્વની ૧૭મી બેઠકમાં ઉપસ્થિત થયેલ મુદ્દાઓનો એક્સન ટેકન રીપોર્ટનું પાવર પોઇન્ટ પ્રેજન્ટેશન રજુ કર્યું.

ચેરમેનશ્રીએ રજુ થયેલ રીપોર્ટને હાઉસની ચર્ચા માટે ખુલ્લો મુકતાં ચર્ચાને અંતે નીચે મુજબ ઍક્શન લેવાનું નક્કી થયું.

(૧) ભાલ વિસ્તારમાં ઘઉંના વાવેતર માટે Zero till drill નો અખતરો અરણેજ અને દેવાતજ કેન્દ્રએ ખેડૂતોના ખેતર ઉપર લેવો. Zero till drill સાધન એગ્રોનોમી વિભાગ બી.એ.સી.એ. બન્ને કેન્દ્રોને આપશે.

(૨) ડાંગરના પાક માટે પોષક તત્વોની જરૂરીયાત અંગેના કલર ચાર્ટ આપવામાં આવે છે. તે કલર ચાર્ટની વેલીડીટી અંગે નવાગામ કેન્દ્ર ઉપરથી ભલામણ કરવામાં આવેલ યુનિ.ની બધી જ ડાંગરની જાતોમાં વેલીડીટીની ચકાસણી કરી તેનો રીપોર્ટ નવાગામ કેન્દ્રએ આગામી ઝર્કમાં રજુ કરવો તેવું સંશોધન નિયામકશ્રીએ જણાવ્યું.

(૩) નીલગાય અને ભૂંડના નિયંત્રણ માટે ડીન.વેટનરી કોલેજે ચાલુ વર્ષે કૃષિ વિકાસ વર્ષ હેઠળ અડધા દિવસની બ્રેઇન સ્ટ્રોમીંગની મીટીંગનું આયોજન કરવું જેમાં ચારેય યુનિવર્સિટીઓના વિસ્તારમાંથી ૨૦ ખેડૂતો અને ૨૦ વૈજ્ઞાનિકોને બોલાવવા અને આ મીટીંગ નવેમ્બરના અંત સુધીમાં બોલાવવી.

(૪) જે વિભાગના અધિકારીઓ હાજર રહેલ નથી તે બાબતે માનનીય કુલપતિશ્રીએ જણાવ્યુ કે શકય હોય ત્યાં સુધી જે તે ખાતાના વિભાગના વડાએ હાજર રહેવા પ્રયત્ન કરવો. સંજોગોવસાત હાજર રહી શકાય તેમ ન હોય તો કોઇ જવાબદાર પ્રતિનીધિને પણ મીટીંગમાં અવશ્ય મોકલવા અને એક્શન ટેકનના લેવાના પગલાં અંગેનો પ્રત્યુતર સમયસર મોકલી આપવો.

અંતમાં કોઇ પ્રશ્નોની ચર્ચા ન રહેતાં ચેરમેનશ્રીએ એક્શન ટેકન રીપોર્ટ ગ્રાહ્ય રાખવામાં આવે છે. તેમ જણાવ્યું.

(૨) હવામાન પરિસ્થિતિ અહેવાલ :

હવામાન પરિસ્થિતિ વર્ષ ૨૦૧૪-૧૫ નો અહેવાલ હવામાનશાસ્ત્ર વિભાગના વડા ડૉ. વ્યાસ પાન્ડેએ રજુ કર્યો.

## તાંત્રિક બેઠક - ૨

| | | |
|---|---|---|
| ૧ | ચેરમેન | ડૉ. અરૂણભાઇ એ. પટેલ, નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવન, આ.કૃ.યુ., આણંદ |
| ૨ | કો.ચેરમેન | ડૉ. સી.પી.દેસાઇ, પ્રાધ્યાપકશ્રી, પ્રસાર શિક્ષણ ભવન, આ.કૃ.યુ., આણંદ |
| ૩ | રીપોર્ટર | ડૉ. એચ.બી.પટેલ, તાલીમ સહાયક(એગ્રો), વિશિનિશ્રીની કચેરી, આકૃયુ, આણંદ |

આ બેઠકમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દેવાતજ, અરણેજ, દાહોદ, આદિવાસી તાલીમ કેન્દ્ર, દેવગઢબારીયા અને સરદાર સ્મૃતિ કેન્દ્ર, આણંદ, એગ્રી.પોલીક્લીનીક દાહોદ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ દેથલી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી, વડોદરા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુરના પ્રગતિ અહેવાલ રજુ કરવામાં આવ્યા.

(૧) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજનો રીપોર્ટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડૉ. ગિરીશભાઇ પટેલે રજુ કર્યો. તેમના ધ્વારા હાથ ધરવામાં આવેલ તાલીમ વર્ગો,એફએલડી અને કન્વર્ઝન્સ અંતર્ગતની કામગીરી રજુ કરી. ફીડબેકમાં તેઓએ જણાવ્યુ કે કારેલા,કંકોડા, ના પાકોમાં લીટલ લીફ જેવો રોગ ખેડૂતોના ખેતરો ઉપર જોવા મળેલ છે. જે નવીન હોઇ ચર્ચાને અંતે સંશોધન નિયામકશ્રીએ જણાવ્યુ કે સંશોધન વૈજ્ઞાનિક શાકભાજીએ, પેથોલોજી વિભાગ વાયરોલોજી, નીમેટોલોજી, એન્ટોમોલોજી અને ટીસ્યુકલ્ચરના વૈજ્ઞાનિકોની ટીમ બનાવી સર્વે કરી આવતી ઝરૂમાં પ્રેઝન્ટ કરવાનું રહેશે. અને ખેડૂતોને સચોટ માર્ગદર્શન પુરુ પાડવું તેમ જણાવ્યું.

(૨) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, અરણેજનો અહેવાલ ડૉ. એમ.એસ.જાકાસણીયાએ રજુ કર્યો. તેમના ધ્વારા હાથ ધરવામાં આવેલ તાલીમ વર્ગો એફએલડી તેમજ કન્વર્ઝન્સ અંગેની કામગીરી રજુ કરી. સંશોધન નિયામકશ્રીએ સૂચન કર્યુ કે નિદર્શન પ્લોટના કન્ટ્રોલ સાથેના ફોટોગ્રાફ મૂકવા.

(3) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદનો અહેવાલ ડૉ.આર.જી.મછાર, વિષય નિષ્ણાંત(એગ્રો) એ રજુ કર્યો. સંશોધન નિયામકશ્રીએ ખેડૂતોના ફીડબેક મૂકવા સુચન કર્યુ.

(૪) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેથલી

કેવીકે દેથલીનો અહેવાલ શ્રી પરમાર, વિષય નિષ્ણાંત(એગ્રો) રજૂ કર્યો. કોઇ ફીડબેક જણાવેલ નથી. સંશોધન નિયામકશ્રીએ આવતી ઝરૂમાં ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નો અંગેના ફીડબેક લાવવા જણાવ્યું.

(૫) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી, વડોદરાનો અહેવાલ ડૉ.ભરત મહેતાએ રજૂ કર્યો. એફએલડી, ઓએફટી માટે બિયારણ મળતુ ન હોવાની રજુઆત કરતાં સંશોધન નિયામકશ્રીએ કેવીકેને પ્રાયોરીટીના ધોરણે અને કેડીટ બીલથી બિયારણો આપવા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોને જણાવ્યું.

(૬) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુરનો અહેવાલ ડૉ. શ્રીમતી કનકલતા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટરે રજૂ કર્યો. તેમના ધ્વારા હાથ ધરવામાં આવેલ તાલીમ વર્ગો, એફએલડી વગેરે કામગીરી રજુ કરી. ફીડબેકમાં આપેલ બોરની નવી જાતની ખેડૂતોની માંગ છે. તેમ જણાવ્યું આ અંગે બાગાયત વિભાગમાં તેના છોડ લાવી ચકાસણી શરૂ કરેલ છે. તેમ સંશોધન નિયામકશ્રીએ જણાવ્યું.

(૭) સરદાર સ્મૃતિ કેન્દ્ર, આણંદ

સરદાર સ્મૃતિ કેન્દ્ર આણંદનો પ્રગતિ અહેવાલ ડૉ. મુકેશ આર.પટેલે રજૂ કર્યા. સરદાર સ્મૃતિ કેન્દ્રની મુલાકાતે આવતા ખેડૂતો, તાલીમમાં આવતા ખેડૂતો, તેમના ફીડબેક, ખેડૂતોની સફળ વાર્તા અંગેના ફોટોગ્રાફસ વગેરે રજૂ કર્યા. ગુજરાત બહારથી અન્ય રાજ્યો

ધ્વારા અત્રે તાલીમવર્ગો યોજવામાં આવેલ છે તેમ જણાવ્યું.

(૮) આદિવાસી મહિલા તાલીમ કેન્દ્ર, દેવગઢબારીયા

આદિવાસી મહિલા તાલીમ કેન્દ્ર, દેવગઢબારીયાનો પ્રગતિ અહેવાલ ડૉ. ગીરીશભાઇ પટેલે રજૂ કર્યો. કેન્દ્ર ધ્વારા હાથ ધરવામાં આવતા વિવિધ ગૃહ ઉધોગ તાલીમ વર્ગો અને ફીડબેકમાં તાલીમ બાદ સ્વ રોજગાર રૂપે તાલીમાર્થીઓએ હાથ ધરેલ પ્રવૃતિઓ અંગેની માહિતી રજુ કરી.

(૯) પોલીકલીનીક યોજના, દાહોદ

પોલીકલીનીક યોજના, દાહોદનો પ્રગતિ અહેવાલ ડૉ. કે. કે. પટેલે રજુ કર્યો તેમના ધ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃતિઓ અને ખાસ કરીને ખેડૂતોના પ્રશ્નો અંતર્ગત સ્થળ પર આપવામાં આવતા માર્ગદર્શન અંગે માહિતી રજૂ કરી.

તાંત્રિક બેઠક - ૩

| | | |
|---|---|---|
| ૧ | ચેરમેન | ડૉ.વી.આર.બોધરા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, આ.કૃ.યુ., આણંદ |
| ૨ | કો.ચેરમેન | ડૉ.ડી.બી.બારોટ, સંયુકત ખેતી નિયામક (વિ), અમદાવાદ |
| ૩ | રીપોર્ટર | ડૉ.એન.વી.સોની, સહ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, આ.કૃ.યુ., આણંદ |

આ બેઠકમાં વડોદરા, પંચમહાલ અને દાહોદ જીલ્લાના કૃષિ, પશુપાલન, બાગાયત અને મત્સ્યોદ્યોગ વિભાગના અહેવાલો રજુ કરવામાં આવ્યા. આ બેઠકની શરૂઆતમાં ચેરમેનશ્રીએ અહેવાલ રજુ કરનાર સર્વે અધિકારીઓને જણાવ્યું કે કામગીરીને સંક્ષિપ્તમાં રજુ કરી ફીડબેકની માહિતી વધુ રજુ કરવી.

વડોદરા જીલ્લો

(૧) કૃષિ વિભાગ :

કૃષિ વિભાગ, વડોદરા જીલ્લાનો અહેવાલ તેમના પ્રતિનિધિએ રજૂ કર્યો. જીલ્લાની કૃષિ વિષયક યોજનાઓની અને પાક પરિસ્થિતિ અહેવાલ રજૂ કરી ફીડબેકમાં અન્ય કોઇ પ્રશ્ન ન હોય આગામી ઝર્કમાં ખેડૂતોના ફીડબેક લઇને આવવું તેમ ચેરમેનશ્રીએ જણાવ્યું.

(૨) બાગાયત વિભાગ :

વડોદરા જીલ્લાના બાગાયત વિભાગનો અહેવાલ તેમના પ્રતિનિધિએ રજૂ કર્યો. બાગાયતી પાકોનો વાવેતર વિસ્તાર, ગ્રીન હાઉસનો વ્યાપ, વિવિધ યોજનાઓ અંતર્ગત તાંત્રિકતાનું અમલીકરણ વગેરે માહિતી રજૂ કરી. ફીડબેકમાં (૧) પપૈયાની મધુબીંદુ જાતનુ ગુણવત્તાવાળું પ્લાન્ટીંગ મટીરીઅલ્સ યુનિવર્સિટીમાંથી મળી રહે તેવી વ્યવસ્થા (૨) ગ્લોબલ વોમીંગના કારણે આંબાનો ફ્લાવરીંગ સમય અનિશ્ચિત થઇ ગયેલ છે જેની અસર કેરીના ઉત્પાદન ઉપર સીધી દેખાઇ રહેલ છે. આવા સંજોગોમાં ખેડૂતે કેવા પગલાં લેવા જોઇએ. (૩) દાડમનું વાવેતર જીલ્લામાં વધતુ જાય છે તેમાં છાંટણી કઇ પધ્ધતિથી કરવી જોઇએ અને તેને માટે તાલીમના આયોજન માટે વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું.

(૩) પશુપાલન વિભાગ :

વડોદરા જીલ્લાનો પશુપાલન વિભાગનો અહેવાલ વેટનરી ઓફીસરે રજૂ કર્યા તેમના ધ્વારા હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓની માહિતી રજૂ કરી.

(૪) મત્સ્યપાલન : કોઇ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

પંચમહાલ જીલ્લો

(૧) કૃષિ વિભાગ :

પંચમહાલ જીલ્લાના કૃષિ વિભાગનો અહેવાલ તેમના પ્રતિનિધિએ રજૂ કર્યો. પાકવાર વાવેતર વિસ્તાર, પાક પરિસ્થિતિ, હવામાન વગેરે માહિતિ રજૂ કરી. ફીડબેકમાં જણાવ્યુ કે ઘઉંના પાકમાં ગાભમારાની ઇયળ તથા લીલી ઇયળના નિયંત્રણ અંગે સંશોધન જરૂરી છે તેના પ્રત્યુત્તરમાં ડો.બી.એચ.પટેલે જણાવ્યુ કે આ જીવાતોનાં નિયંત્રણ માટે દવાઓ અને પધ્ધતિઓ ભલામણ કરવામાં આવેલ

છે તેમજ બાયમન્થલી તાલીમ વર્ગોમાં વિગતવાર માહિતિ આપવામાં આવે છે.

(૨) બાગાયત વિભાગ :

બાગાયત વિભાગ પંચમહાલ જીલ્લાનો અહેવાલ નાયબ બાગાયત નિયામકશ્રીના પ્રતિનિધિએ રજૂ કર્યો. જીલ્લાનો પરિચય, બાગાયત પાકોનો વિસ્તાર, મસાલાપાકોનો વાવેતર વિસ્તાર (લસણ, આદુ, મરચા અને વરિયાળી) વિસ્તરણ પ્રવૃતિઓ અને ખેડૂતોના અભિપ્રાયો રજૂ કર્યા.

(૩) પશુપાલન વિભાગ : કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી

(૪) મત્સપાલન: કોઇ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

દાહોદ જીલ્લો

(૧) કૃષિ વિભાગ :

દાહોદ જીલ્લાનો કૃષિ વિભાગનો અહેવાલ તેમના પ્રતિનિધિએ રજૂ કર્યો. ફીડબેકમાં જણાવ્યુ કે (૧) અડદ પાકમાં મોઝેઇક વાયરસ પ્રતિકારક જાત (૨) ચણામાં સુકારા પ્રતિકારક જાત.(૩) સોયાબીનની ઉનાળું જાત જેના પ્રત્યુત્તરમાં સંબંધિત વૈજ્ઞાનિકોએ પ્રત્યુત્તર આપેલ.

(૨) બાગાયત વિભાગ : કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી

(૩) પશુપાલન વિભાગ :

ફીડબેકમાં બકરી વર્ગમાં રેસપીરેટરી સીંડ્રોમ એન્ટેરાઇટીસમાં મોરટાલીટી ખુબજ છે તેમજ એક્ટોપેરેસાઇડ કન્ટ્રોલ માટેની દવાઓની અસર ૧ માસ સુધી રહેવા સંબંધે સંબંધિત વૈજ્ઞાનિકોએ પ્રત્યુત્તર પાઠવેલ

(૪) મત્સપાલન વિભાગ : કોઇ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

## તાંત્રિક બેઠક : ૪

| | | |
|---|---|---|
| ૧ | ચેરમેન | ડૉ.પી.કે.બોરડ, પ્રાધ્યાપક અને વડા,કીટકશાસ્ત્ર વિભાગ, આ.કૃ.યુ., આણંદ |
| ૨ | કો.ચેરમેન | શ્રી બી.યુ.પરમાર, સંયુકત બાગાયત નિયામક, વડોદરા |
| ૩ | રીપોર્ટર | ડૉ.ડી.ડી.પટેલ, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, વિશિનિની કચેરી, આ.કૃ.યુ., આણંદ |

આ બેઠકમાં આણંદ, ખેડા અને અમદાવાદ જીલ્લાના કૃષિ,પશુપાલન,બાગાયત અને મત્સ્યોધોગ વિભાગના અહેવાલો રજુ કરવામાં આવ્યા.

આણંદ જીલ્લો

(૧) કૃષિ વિભાગ :

આણંદ જીલ્લામાં કૃષિ વિભાગનો અહેવાલ શ્રી સમીત પટેલ, જીલ્લા ખેતીવાડી અધિકારીએ રજૂ કર્યો. ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓ અંતર્ગત કામગીરી રજૂ કરી ફીડબેકમાં તેઓએ શાકભાજીના એક્ષપોર્ટ તેમજ કૃષિ ઇજનેરી સાધનો માટે એજન્સી નકકી કરવા અંગે રજૂઆત કરતા માનનીય કુલપતિશ્રીએ જણાવ્યુ કે એપેડા ન્યુ.દિલ્હી શાકભાજી એક્ષપોર્ટ અંગે કાર્યશીલ છે. તેમજ કૃષિ ઇજનેરી સાધનો અંતર્ગત ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝનો સંપર્ક કરવો. જેન્ડર સ્પેસીફીક સાધનો તૈયાર કરવા માટે નેશનલ સેન્ટરો ઉભા થયેલ છે. વધુમાં તેઓએ હોર્ટીકલ્ચર પેદાશોના હાર્વેસ્ટીંગના સાધનો માનવ સંચાલીત હોય તેવા તેમજ સેન્સર બેઝ ટેકનોલોજીનો ઉપયોગ કરી સાધનો વિકસાવવા ઉપર ભાર મુકયો.

(૨) બાગાયત વિભાગ :

આણંદ જીલ્લાનો બાગાયત વિભાગનો અહેવાલ શ્રી હસમુખ પરમારે રજૂ કર્યો. બાગાયતની વિવિધ યોજનાઓ અને તે અંતર્ગત ખેડૂતોને ગ્રીન હાઉસમાં રોગ જીવાત અને નીમેટોડના પ્રશ્નો અંગે માહિતી રજૂ કરી. ગ્રીન હાઉસમાં રોગ જીવાત અને નીમેટોડના સર્વે માટે શાકભાજી,નીમેટોલોજી અને પેથોલોજી વિભાગના વૈજ્ઞાનિકોની ટીમ બનાવી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે તેમ ડૉ.બી.એચ.પટેલે જણાવ્યું.

(૩) પશુપાલન વિભાગ :

પશુપાલન વિભાગ, આણંદનો અહેવાલ ડૉ.સ્નેહલ પટેલે રજૂ કર્યો. તેમના વિભાગ ધ્વારા હાથ ધરવામાં આવતી પશુપાલન

અંગેની વિવિધ પ્રવૃતિઓ અંગેની માહિતી આપી. ડૉ.સ્નેહલ પટેલે જણાવ્યું કે યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોનો ખૂબ જ સારો સાથ અને સહકાર મળતો હોઇ પશુઓના રોગો તેમજ અન્ય માહિતી સંબંધી કોઇ પ્રશ્નો રહેતા નથી.

વધુમાં તેઓએ માહિતી આપતા જણાવ્યું કે પ્રગતિશીલ પશુપાલકો હાઇડ્રોપોનીક મકાઇ ઉગાડી પશુઓના આહારમાં ઉપયોગ કરે છે. આ બાબતે સંશોધન નિયામકશ્રીએ જણાવ્યું કે તેની ન્યુટ્રીશન વેલ્યુ અને આર્થિક રીતે પરવડે કે નહિ તેની ચકાસણી કરવી જોઇએ. માનં. કુલપતિશ્રીએ જણાવ્યું કે દુષ્કાળની પરિસ્થિતિમાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરી લીલુઘાસ ઉગાડી શકાય. આંતરરાષ્ટ્રીય,દેશકક્ષાએ તેમજ રાજય કક્ષાએ વિવિધ ટેકનીકોનો અભ્યાસ કરી આગળ વધવું જોઇએ અને એગ્રેસ્કોમાં અખતરા મુકવા જોઇએ તેમજ ટીસ્યુકલ્ચરમાં જે રીતે ઇન્ડીજીનશ મટીરીયલ્સનો ઉપયોગ થાય છે તે પ્રમાણે પ્રપોઝલ તૈયાર કરવી જોઇએ.

(૪) મત્સપાલન વિભાગ :

મત્સપાલન વિભાગના ફકત આણંદ જીલ્લાના પ્રતિનિધિ હાજર રહેલ. બધા જ જીલ્લામાં કરવામાં આવતી મત્સપાલનની કામગીરી અંતર્ગત માછલીઓના ખોરાક અને તળાવોમાં માછલીઓને નુકશાન કરતી જીવાતો તથા રોગો અંગે સંશોધન કરવાની ખાસ જરૂરીયાત છે તેમ ફીડબેકમાં જણાવ્યું.

ખેડા જીલ્લો :

(૧) કૃષિ વિભાગ :

ખેડા જીલ્લા કૃષિ વિભાગનો અહેવાલ જીલ્લા ખેતીવાડી અધિકારીએ રજૂ કર્યો. ફીડબેકમાં તેઓએ જણાવ્યુ કે ખેડૂતો ઘઉંના વાવેતરમાં વધારે બિયારણનો ઉપયોગ કરે છે તે માટે તેઓને યોગ્ય માર્ગદર્શન આપવું. ઉનાળામાં ટામેટીની આપણી કોઇ જાત નથી. ઉનાળામાં ટામેટીનો પાક થઇ શકે તેવી યુનિવર્સિટીની જાત આપવી જોઇએ. તે બાબતે સંશોધન નિયામકશ્રીએ જણાવ્યું કે બહારથી ટ્રક બંધ માલ આવે છે આપણે ત્યાં ઉનાળાની જાતોનું વાવેતર મોંઘુ પડે. માનનીય કુલપતિશ્રીએ જણાવ્યુ કે નાના કયારામાં ડ્રીપ અને સ્પીન્કલરની વ્યવસ્થા ગોઠવી માઇક્રોકલાઇમેટ ઉભું કરી ઉનાળા માટે યુનિવર્સિટીની ટામેટીની જાતોની ચકાસણી કરવી જોઇએ.

(૨) બાગાયત વિભાગ:

બાગાયત વિભાગ, ખેડા જીલ્લાનો અહેવાલ શ્રી એચ.બી પારેખે રજૂ કર્યો. તેઓએ ફીડબેકમાં જણાવ્યું કે કેળના પાકમાં જે ખેડૂતોએ ટીસ્યુકલ્ચરના રોપાનો ઉપયોગ કર્યો છે તેમાં રોગ જીવાતના પ્રશ્નો નથી તે સિવાયના પાકોમાં રોગ જીવાતના પ્રશ્નો છે. આ બાબતે ડૉ.બોરડ પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્રએ જણાવ્યું કે રઢુ વિસ્તાર કે જયાં કેળનું વાવેતર વધુ થાય છે તે વિસ્તારમાં સ્થળ મુલાકાત લેવામાં આવેલ અને ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ.

(3) પશુપાલન વિભાગ :

ખેડા જીલ્લા પશુપાલન વિભાગની માહિતી તેમના પ્રતિનિધિએ રજૂ કરી. ફીડબેકમાં તેઓએ જણાવ્યું કે ચાફકટરનો ઉપયોગ કરવા માટે કૃષિમેળા તેમજ ગરીબ કલ્યાણમેળામાં માહિતી આપવામાં આવે છે. તેમજ ઇનફર્ટીલીટીના પ્રશ્નો બાબતે પશુપાલકો જાતે તાલીમ મેળવી તેનું નિરાકરણ લાવે છે અને ખેડૂતોને ફાયદો થયેલ છે તેમ તેઓએ જણાવ્યુ.

(૪) મત્સપાલન વિભાગ : ગેરહાજર

અમદાવાદ જીલ્લો

(૧) કૃષિ વિભાગ :

કૃષિ વિભાગ અમદાવાદ જીલ્લાની માહિતી પ્રજાપતિએ રજૂ કરી. ફીડબેકમાં તેઓએ જણાવ્યું કે ડાંગર અને ચણાની યુનિવર્સિટીની જાતોના વાવેતર બાબતે ખેડૂતોનો હકારાત્મક પ્રતિભાવ મળેલ છે. જીરુના પાકમાં સુકારાના રોગ નિયંત્રણ માટે ટીલ્ટ નામની દવાનો ઉપયોગ કરવા વિભાગીય વડા, વનસ્પતિરોગશાસ્ત્રએ જણાવ્યું. માનનીય કુલપતિશ્રીએ જણાવ્યું કે જે તે વિસ્તારના ખેડૂતોના ફીડબેક અંગેની માહિતી જે તે વિસ્તારના પ્રતિનિધિએ ઝકની મીટીંગ પહેલા ત્રણમાસ અગાઉ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીને મોકલી આપવી જોઇએ. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ફીડબેક અંગેની સબંધિત વૈજ્ઞાનિકો પાસેથી માહિતી મેળવી ઝકમાં રજૂ કરવી જોઇએ જેથી મીટીંગમાં સમયનો બચાવ કરી શકાય.

(૨) બાગાયત વિભાગ :

બાગાયત વિભાગ અમદાવાદ જીલ્લાની માહિતી તેમના પ્રતિનિધિએ રજુ કરી. ફીડબેકમાં તેઓએ પાણીના વધુ વપરાશને લીધે જમીન બગડવા અંગે, ટીસ્યુકલ્ચરથી પરવરનું વાવેતર હીતાવહ છે કે કેમ? તેમજ આદુ હળદર ગ્રીન હાઉસમાં કરવા હિતાવહ છે કે કેમ? તે અંગે પુછતા સંબંધિત પ્રશ્નો અંતર્ગત માનનીય કુલપતિશ્રીએ જણાવ્યુ કે વધુ પડતા પાણી વપરાશ ને બદલે સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવી શકાય. ટીસ્યુકલ્ચરથી પરવર કરવા માટે ૯:૧ (માદા-નર) રેશીયો પ્રમાણે છોડ રોપવા સંશોધન વૈજ્ઞાનિક ટીસ્યુકલ્ચરે જણાવ્યું તેમજ આદુ અને હળદર ગ્રીન હાઉસને બદલે ખુલ્લામાં કરવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય. તેમ સંશોધન નિયામકશ્રીએ જણાવ્યું. વધુમાં તેઓએ સજીવખેતી અંગે સરકારશ્રીમાં પોલીસી નકકી થઇ રહી છે તેમ જણાવ્યું.

(૩) પશુપાલન વિભાગ : ગેરહાજર

(૪) મત્સપાલન વિભાગ : ગેરહાજર

અંતમાં ડૉ.બી.એચ.પટેલે આજની મીટીંગમાં હાજર રહેલા માનનીય કુલપતિશ્રી, કૃષિ, બાગાયત,પશુપાલન અને મત્સ્યપાલન એકમોના અધિકારીઓ તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ, પ્રગતિશીલ ખેડૂતો તેમજ આજની મીટીંગને સફળ બનાવવા જે કોઇએ સાથ અને સહકાર આપેલ તે સર્વેનો આભાર માની આજની મીટીંગ પૂર્ણ જાહેર કરી.

૨૫/૧૧/૧૫

વિસ્તરણ શિક્ષણ નિયામક